# સુમુલમાં ગણેશ વિસર્જનના દિવસે પ્રમુખ-ઉપપ્રમુખ માટે ચૂંટણીનો તખ્તો

**15** ડિરેક્ટરને હાજર રહેવા ભાજપનો ફોન, ચૂંટણી અધિકારી આજે એજન્ડા જાહેર કરે તેવી શક્યતા

**બે** વખત છેલ્લી ઘડીએ બેઠક રદ થતાં હવે 'ચોંકાવનારા' નામોની ચર્ચા

સુરત : દક્ષિણ ગુજરાતની સૌથી મોટી સહકારી સંસ્થા અને રૂ.6,500 કરોડથી વધુનું ટર્નઓવર ધરાવતી સુમુલ ડેરીના પ્રમુખ અને ઉપપ્રમુખની વરણીનો મુદ્દો ફરી ગરમાયો છે. 25 સપ્ટેમ્બરે ગણેશ વિસર્જનના દિવસે જ ચૂંટણી યોજવા માટે ભાજપ દ્વારા 15 ડિરેક્ટરને હાજર રહેવા ફોન કરીને સૂચના આપવામાં આવી હોવાનું જાણવા મળે છે. બીજી તરફ, ચૂંટણી અધિકારી અને નાયબ કલેક્ટર, સિટી પ્રાંત-અડાજણ દ્વારા કાલે 24 સપ્ટેમ્બરે બોર્ડ ઓફ ડિરેક્ટર્સની બેઠકનો એજન્ડા જાહેર કરવામાં આવે તેવી શક્યતા છે.

સૂત્રોના જણાવ્યા મુજબ, 25મીએ સવારે 10 વાગ્યે ભાજપના પ્રભારી દ્વારા પ્રમુખ-ઉપપ્રમુખના નામનું મેન્ડેટ જાહેર કરવામાં આવશે અને ત્યારબાદ સવારે 10.30 વાગ્યે બોર્ડની બેઠકમાં આ નામોને વિધિવત મંજૂરી આપવામાં આવશે. જોકે, અગાઉ બે વખત અંતિમ તબક્કે બેઠક મોકૂફ રાખવામાં આવી હોવાથી આ વખતે પણ છેલ્લી ઘડીએ શું વળાંક આવે છે તેના પર સહકારી અને રાજકીય વર્તુળોની નજર છે.

અગાઉ 17 ઓગસ્ટ અને ત્યારબાદ 9 સપ્ટેમ્બરની બોર્ડ બેઠક પણ છેલ્લી ઘડીએ રદ કરવામાં આવી હતી. સુમુલના પ્રમુખ-ઉપપ્રમુખની પસંદગી અંગેની આંતરિક રાજકીય ખેંચતાણની ફરિયાદો છેક વડાપ્રધાન નરેન્દ્ર મોદી સુધી કરવામાં આવી હતી.

સહકારી સંસ્થાઓમાં મેન્ડેટ પ્રથાને લઈને સુરત જિલ્લામાં અગાઉથી જ ચર્ચા ચાલી રહી છે. પ્રમુખ-ઉપપ્રમુખના સંભવિત નામોને લઈને છેલ્લા કેટલાક દિવસોથી ભારે અટકળો ચાલી રહી છે. આદિવાસી સમાજમાંથી હસમુખ ગામિત, કાંતિભાઈ ગામિત અને શૈલેષ પટેલના નામો ચર્ચામાં છે, જ્યારે ઉજળિયાત સમાજમાંથી રાજુ પાઠક, ધનસુખ પટેલ અને ભરતસિંહ સોલંકીના નામો પણ ચર્ચાઈ રહ્યા છે.

વર્ષ 2027માં ગુજરાત વિધાનસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને પ્રથમ અઢી વર્ષ માટે પ્રમુખપદ આદિવાસી સમાજને આપવાની સમીકરણની ચર્ચા છે. બીજી તરફ, ભાજપના એક જૂથ દ્વારા સુરત જિલ્લામાંથી અનુભવી ઉજળિયાત સમાજના પ્રતિનિધિને પ્રમુખ અને તાપી જિલ્લામાંથી આદિવાસી સમાજના પ્રતિનિધિને ઉપપ્રમુખ બનાવવાની રજૂઆત કરાઈ હોવાનું કહેવાય છે. બે વખત પસંદગી મોકૂફ રહેતાં હવે અગાઉથી ચર્ચાતા નામોને બદલે કોઈ ચોંકાવનારું નામ સામે આવે તેવી અટકળોએ જોર પકડ્યું છે.

# નર્મદ યુનિ.માં M.Com.ની પરીક્ષા પદ્ધતિ બદલાશે

**NEP-2020** અંતર્ગત નવું માળખું જાહેર, 2026-27થી બે વર્ષીય અને 2027-28થી એક વર્ષીય M.Com.માં અમલ

### નવા પરીક્ષા માળખામાં શું બદલાયું?

**50 ગુણનું પ્રશ્નપત્ર**
- પ્રશ્ન-1 : 7માંથી 5 ટૂંકા પ્રશ્નો -10 ગુણ
- પ્રશ્ન-2 : એક મોટો પ્રશ્ન 14 ગુણ અથવા 7-7 ગુણના બે પ્રશ્નો
- પ્રશ્ન-3 : એક મોટો પ્રશ્ન 14 ગુણ અથવા 7-7 ગુણના બે પ્રશ્નો
- પ્રશ્ન-4 : 5માંથી 2 ટૂંકનોંધ -12 ગુણ

**25 ગુણનું પ્રશ્નપત્ર**
- પ્રશ્ન-1 : 7માંથી 5 ટૂંકા પ્રશ્નો -5 ગુણ
- પ્રશ્ન-2 (A) : નિબંધ પ્રકારનો પ્રશ્ન 12 ગુણ અથવા 6-6 ગુણના બે પ્રશ્નો
- પ્રશ્ન-2 (B) : 4માંથી 2 ટૂંકનોંધ -8 ગુણ

સુરતઃ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020ને અનુરૂપ વાણિજ્ય વિદ્યાશાખાના અનુસ્નાતક એમ.કોમ. અભ્યાસક્રમની પરીક્ષા પદ્ધતિમાં ફેરફાર કર્યો છે. યુનિવર્સિટીએ નવા પરીક્ષા માળખાને મંજૂરી આપી સત્તાવાર પરિપત્ર જાહેર કર્યો છે. નવા માળખાનો અમલ 2026-27થી બે વર્ષીય અને 2027-28થી એક વર્ષીય અનુસ્નાતક અભ્યાસક્રમમાં થશે.

નવા માળખામાં પ્રશ્નપત્રની રચનામાં ટૂંકા પ્રશ્નો, વિસ્તૃત જવાબવાળા પ્રશ્નો તથા ટૂંકનોંધને અલગ-અલગ ગુણભાર આપવામાં આવ્યો છે.

# બિનખેતી જમીનોના પ્રોપર્ટી કાર્ડ બનાવવા કલેક્ટરની સૂચના

**બિનખેતી** જમીનના વ્યવહારો હવે ગામ નમૂના નં. ૭ નહીં, પ્રોપર્ટી કાર્ડ પર થશે

### પ્રોપર્ટી કાર્ડ ન બનતાં અરજદારોને પડતી મુશ્કેલી દૂર થશે

હાલ કેટલાક કિસ્સામાં જમીન માટે બિનખેતીની પરવાનગી મળી ગઈ હોવા છતાં તેનું પ્રોપર્ટી કાર્ડ તૈયાર થયેલું ન હોવાથી અરજદારોને મુશ્કેલીનો સામનો કરવો પડે છે. ખાસ કરીને બિનખેતી થયેલી અલગ-અલગ જમીનોને એકત્ર કરીને મોટા પ્લાનિંગ કે અન્ય વિકાસલક્ષી આયોજન કરવા ઇચ્છતા અરજદારો માટે પ્રોપર્ટી કાર્ડ ઉપલબ્ધ ન હોવાથી કામગીરીમાં વિલંબ થતો હોવાનો મુદ્દો પણ સૂચનામાં ઉલ્લેખાયો છે.

સુરતઃ બિનખેતીની મંજૂરી અને સંબંધિત રેકર્ડના આધારે પ્રોપર્ટી કાર્ડ તૈયાર કરવાની સૂચના તમામ તાલુકા કક્ષાએ આપવામાં આવી છે. પરિણામે જમીનની માલિકી અને બિનખેતી સ્થિતિ અંગેનો રેકર્ડ એક જ સ્થળે ઉપલબ્ધ થવાની સાથે જમીનના ભવિષ્યના વ્યવહારો અને આયોજનમાં પણ સરળતા રહી શકે. સુરત જિલ્લાના તમામ તાલુકાઓમાં આ કામગીરી તાકીદે શરૂ કરવા નોડલ અધિકારી તથા નિવાસી અધિક કલેક્ટર દ્વારા તાલુકા કક્ષાના આઈએલઆર અધિકારીઓને સૂચના આપવામાં આવી છે.

સરકારની સૂચના મુજબ બિનખેતી હુકમો, મંજૂર થયેલા પ્લાન તેમજ અન્ય આનુષંગિક રેકર્ડના આધારે બિનખેતી જમીનના પ્રોપર્ટી કાર્ડ તૈયાર કરીને તેની અમલવારી કરવાની રહેશે. ત્યારબાદ આ રેકર્ડને મહેસૂલી રેકર્ડના ગામ નમૂના નં. ૭ સાથે મેળવણું કરીને ગામ નમૂના નં. ૭ બંધ કરવાની પ્રક્રિયા કરવાની રહેશે. હાલ સુધી બિનખેતી થયેલી જમીનના વેચાણ સહિતના વ્યવહારો ગામ નમૂના નં. ૬ અને ૭ના મહેસૂલી રેકર્ડ સાથે સંકળાયેલા રહેતા હતા. નવી વ્યવસ્થામાં તા. ૧ સપ્ટેમ્બર, ૨૦૨૬થી બિનખેતી જમીનના કોઈપણ વ્યવહાર ગામ નમૂના નં. ૭ ઉપર ન કરવા અને ફરજિયાતપણે પ્રોપર્ટી કાર્ડ ઉપર જ અમલમાં મૂકવા જણાવાયું છે. આ માટે તાલુકા મામલતદાર સાથે સંકલન કરીને જરૂરી કાર્યવાહી કરવા આઈએલઆર અધિકારીઓને સૂચના આપવામાં આવી છે. સરકારની સૂચના મુજબની કામગીરી તમામ તાલુકા કક્ષાએ શરૂ થઈ છે કે નહીં તેની ખાતરી કરવા માટે આઈએલઆર અધિકારીઓને જણાવાયું છે. જ્યાં કામગીરી શરૂ ન થઈ હોય ત્યાં તાકીદે શરૂ કરવા અને તાલુકા મામલતદારો સાથે સંકલનમાં રહીને બિનખેતી જમીનના પ્રોપર્ટી કાર્ડ તૈયાર કરવાની તેમજ જૂના ગામ નમૂના નં. ૭ના રેકર્ડને નિયમ મુજબ બંધ કરવાની કાર્યવાહી હાથ ધરવા સૂચના આપવામાં આવી છે.

# VNSGU ડ્યુઅલ ડિગ્રીનો માર્ગ ખૂલ્યો , બે રેગ્યુલર કોર્સ સામે સવાલો

**યુજીસીની** ગાઇડલાઇન મુજબ વિદ્યાર્થીઓ એકસાથે બે ડિગ્રી કરી શકશે

**રેગ્યુલર**-રેગ્યુલર, રેગ્યુલર-ઓનલાઇન/ ડિસ્ટન્સ અને ઓનલાઇન-ડિસ્ટન્સના વિકલ્પો ઉપલબ્ધ

સુરતઃ નવી શિક્ષણ નીતિ-૨૦૨૦ હેઠળ વિદ્યાર્થીઓને એક કરતાં વધુ ક્ષેત્રમાં અભ્યાસ કરવાની તક આપવાના હેતુથી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા ડ્યુઅલ ડિગ્રીનો વિકલ્પ અમલમાં મૂકવામાં આવ્યો છે.

યુજીસીની માર્ગદર્શિકા મુજબ હવે વિદ્યાર્થીઓ એકસાથે બે શૈક્ષણિક કાર્યક્રમોમાં પ્રવેશ મેળવી શકશે. જોકે બે ફુલ-ટાઇમ રેગ્યુલર અભ્યાસક્રમો સાથે કરવાનો વિકલ્પ આપવામાં આવ્યો હોવા છતાં તેની વ્યવહારિકતા અંગે શિક્ષણવિદોમાં પ્રશ્નો ઊભા થયા છે.

યુજીસીની જોગવાઈ મુજબ વિદ્યાર્થી એકસાથે બે પૂર્ણકાલીન રેગ્યુલર ડિગ્રી અભ્યાસક્રમો ફિઝિકલ મોડમાં કરી શકે છે. શરત એટલી રહેશે કે બંને અભ્યાસક્રમોના વર્ગોના સમયમાં પરસ્પર ક્લેશ ન થવો જોઈએ. આ ઉપરાંત એક ડિગ્રી રેગ્યુલર ફિઝિકલ મોડમાં અને બીજી ઓનલાઇન અથવા ઓપન-ડિસ્ટન્સ લર્નિંગ મોડમાં કરી શકાશે. બંને અભ્યાસક્રમ ઓનલાઇન અથવા ડિસ્ટન્સ મોડમાં પણ એકસાથે કરી શકાશે.

નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ અંતર્ગત વિદ્યાર્થીઓને તેમની પસંદગી અને ક્ષમતા મુજબ વિવિધ વિષયોમાં અભ્યાસ કરવાની વધુ લવચીકતા મળે તે દિશામાં આ જોગવાઈ કરવામાં આવી છે.

ડ્યુઅલ ડિગ્રીનો વિકલ્પ કાગળ પર વિદ્યાર્થીઓ માટે વધુ તક ઊભી કરે છે, પરંતુ બે રેગ્યુલર અભ્યાસક્રમો એકસાથે કરવાના કિસ્સામાં વ્યવહારિક મુશ્કેલીઓ ઊભી થઈ શકે છે. મોટાભાગની કોલેજોમાં રેગ્યુલર અભ્યાસક્રમોના વર્ગો મુખ્યત્વે સવાર અથવા બપોરની પાળીમાં ચાલે છે. તે ઉપરાંત બંને કોર્સની આંતરિક પરીક્ષાઓ, પ્રેક્ટિકલ, સેમેસ્ટર પરીક્ષાઓ, હાજરી અને અન્ય શૈક્ષણિક પ્રવૃત્તિઓના સમયપત્રકમાં પણ મુશ્કેલી ઊભી થઈ શકે છે.

# ઉધનાથી બિહાર તરફ દોડશે 4 ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેનો

સુરતઃ રેલવેએ ઉધનાથી બિહાર તરફ 4 ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેનો દોડાવવાની જાહેરાત કરી છે.

ઉધના-હસનપુર રોડ-નંદુરબાર વચ્ચે નવી સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન નંબર 09041/09042 શરૂ કરવામાં આવી છે, જેના કુલ 18 ફેરા થશે. ટ્રેન નંબર 09041 દર શનિવારે રાત્રે 23.30 વાગ્યે ઉધનાથી ઉપડી સોમવારે બપોરે 14.15 વાગ્યે હસનપુર રોડ પહોંચશે જે 3 ઓક્ટોબરથી 28 નવેમ્બર સુધી દોડશે જ્યારે રિટર્ન ટ્રેન 09042 દર સોમવારે 15.45 વાગ્યે હસનપુર રોડથી ઉપડી બીજા દિવસે 23.30 વાગ્યે નંદુરબાર પહોંચશે, જે ચલથાણ, બારડોલી, ભુસાવલ, પ્રયાગરાજ, પટના સહિતના મુખ્ય સ્ટેશનો પર ઊભી રહેશે.

આ સાથે જ 09047/09048 ઉધના-ઝંઝારપુર, 09045/09046 ઉધના-મધુબની અને 09151/09152 ઉધના-મધુબની એમ ત્રણ જોડી સ્પેશિયલ ટ્રેનોના ફેરા 27 થી 30 નવેમ્બર સુધી લંબાવવામાં આવ્યા છે. રેલવેના જણાવ્યા અનુસાર શરૂઆતના ફેરા રિઝર્વ્ડ રહેશે અને 18 ઓક્ટોબરથી તમામ ટ્રેનો સંપૂર્ણ અનરિઝર્વ્ડ તરીકે દોડશે જેનું બુકિંગ 24 સપ્ટેમ્બરથી PRS કાઉન્ટર અને IRCTC વેબસાઈટ પર શરૂ થશે.

# ટેક્સ ઓડિટની મુદત વધારવા મુદ્દે રાજસ્થાન હાઈકોર્ટમાં કાલે સુનાવણી

**ITR** પોર્ટલની ટેકનિકલ ખામીના કારણે કરદાતાઓ પરેશાન

**CA** એસોસિએશનોએ કરી મુદત લંબાવવાની માંગ

સુરતઃ ઈન્કમ ટેક્સ રિટર્ન ભરનાર વેપારી કરદાતાઓ અને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ માટે મહત્ત્વના સમાચાર સામે આવ્યા છે. ટેક્સ ઓડિટની છેલ્લી તારીખ લંબાવવાની માંગણી અંગે રાજસ્થાન હાઈકોર્ટમાં દાખલ થયેલી અરજી પર 25 સપ્ટેમ્બરે સુનાવણી હાથ ધરવામાં આવશે.

હાલ ટેક્સ ઓડિટ રિપોર્ટ દાખલ કરવાની છેલ્લી તારીખ 30 સપ્ટેમ્બર નક્કી કરવામાં આવી છે, પરંતુ ઈન્કમ ટેક્સના નવા પોર્ટલમાં સતત આવતી ટેકનિકલ ખામીઓના કારણે વેપારી કરદાતાઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. પોર્ટલ ધીમું ચાલવું, ડેટા અપલોડ ન થવો, OTP ન આવવા અને યુટિલિટીમાં વારંવાર એરર આવવા જેવી સમસ્યાઓના કારણે ઓડિટની કામગીરી ખોરંભાઈ છે. સુરત, અમદાવાદ, મુંબઈ સહિત દેશભરના ટેક્સટાઈલ, ડાયમંડ અને અન્ય વેપારીઓના હિસાબો મોટા પ્રમાણમાં બાકી છે. CA ફર્મોમાં દિવસ-રાત કામ ચાલી રહ્યું છે છતાં પોર્ટલ સાથ ન આપતા સમયસર રિટર્ન ભરવું મુશ્કેલ બન્યું છે. જો સમયસર ઓડિટ નહીં થાય તો વેપારીઓને દંડ અને વ્યાજનો બોજ સહન કરવો પડશે તેવો ભય સતાવી રહ્યો છે.

# ખાડીપૂર નિવારણ: આગામી 100 વર્ષની સ્થિતિને ધ્યાનમાં રખાશે

**ઉપરવાસનું** પાણી શહેર બહારથી દરિયામાં ડાયવર્ટ કરાશે

**જીંગા** તળાવનાં દબાણો દૂર કરવા ધારાસભ્યો-મેયરની એકસૂરે માંગણી

### બારડોલી-ઉપરવાસનું પાણી શહેરમાં આવે એ પહેલાં જ વાળવાની માંગ

ચોર્યાસીના ધારાસભ્ય સંદીપ દેસાઇ અને પ્રવીણ ઘોઘારીએ જણાવ્યું હતું કે, બારડોલી તથા ઉપરવાસના વિસ્તારોમાં ભારે વરસાદ પડે ત્યારે તેનું પાણી વિવિધ જળમાર્ગો મારફતે સુરત તરફ આવે છે અને શહેરમાં ખાડીપૂરનું જોખમ ઊભું થાય છે. તેથી પાણી શહેર સુધી પહોંચે એ પહેલાં જ યોગ્ય સ્થળે ડાયવર્ટ કરી નદી અથવા દરિયામાં છોડવાની વ્યવસ્થા ઊભી કરવાની જરૂર છે. સાથે જ ખાડીઓમાં વર્ષોથી જમા થયેલા કાદવ અને સિલ્ટને દૂર કરવાથી તેની પાણી વહન કરવાની ક્ષમતા વધારી શકાય તેમ તેમણે જણાવ્યું હતું.

### ખાડીઓની વહન ક્ષમતા વધારવા ડીસિલ્ટિંગ-દબાણ દૂર કરાશે: કમિશનર બેનીવાલ

મ્યુનિસિપલ કમિશનર રાજકુમાર બેનીવાલે જણાવ્યું હતું કે, પૂર નિવારણ માટે સરકાર દ્વારા રચાયેલી ઉચ્ચસ્તરીય કમિટી અને ટેક્નિકલ કન્સલ્ટન્ટ દ્વારા તૈયાર કરાયેલા પ્રોજેક્ટમાં ધારાસભ્યોનાં સૂચનોને પણ સામેલ કરવામાં આવશે. ટૂંકા ગાળાના ઉપાય તરીકે ખાડીઓનું ડીસિલ્ટિંગ કરવું અને ખાડી વિસ્તારમાં આવેલાં દબાણો દૂર કરવાની કામગીરી પર ભાર મૂકવામાં આવશે. લાંબા ગાળે ઉપરવાસનું પાણી કેવી રીતે ડાયવર્ટ કરી શકાય તેની ટેક્નિકલ શક્યતાઓ ચકાસાઈ રહી છે.

સુરતઃ ચોમાસામાં દર વર્ષે ખાડી અને તાપીના પાણીથી સર્જાતી પૂરની સમસ્યાના કાયમી ઉકેલ માટે સુરત મહાનગરપાલિકા અને રાજ્ય સરકાર હવે લાંબા ગાળાના મેગા પ્લાન તરફ આગળ વધી રહી છે. પૂર નિવારણ માટે યોજાયેલી ઉચ્ચસ્તરીય બેઠકમાં તૈયાર કરાયેલા ડીપીઆર અંગે ચર્ચા કરવામાં આવી હતી. જોકે, શહેરના 12 ધારાસભ્ય પૈકી માત્ર ચાર ધારાસભ્ય અરવિંદ રાણા, સંદીપ દેસાઇ, મનભાઇ પટેલ અને પ્રવીણ ઘોઘારી જ હાજર રહેતા અન્ય ધારાસભ્યોને શહેરને ઘમરોળતા ખાડીપૂરની કાંઇ પડી નહીં હોવાની પ્રતીતિ થઇ હતી. જોકે, એકાદ ધારાસભ્ય બીમાર હોવાથી આવી શક્યા નહોતા. મ્યુનિસિપલ કમિશનર રાજકુમાર બેનીવાલે જણાવ્યું હતું કે, સ્થાનિક ધારાસભ્યો અને પદાધિકારીઓનાં સૂચનો આમેજ કરી કન્સલ્ટન્ટ્સી એજન્સી દ્વારા આગામી 100 વર્ષની સ્થિતિને ધ્યાને રાખી અત્યાર સુધીના ઇતિહાસમાં પડેલા ઓલટાઇમ હાઇ વરસાદને ધ્યાનમાં રાખીને ખાડીપૂર નિવારણ માટે આયોજન કરવામાં આવી રહ્યું છે. પૂર નિવારણ માટેની આ કવાયતમાં ઉપરવાસમાંથી સુરત તરફ ધસી આવતાં વરસાદી પાણીને શહેર સુધી પહોંચે તે પહેલાં જ ડાયવર્ટ કરવાની શક્યતાઓનો અભ્યાસ કરવામાં આવી રહ્યો છે.

બીજી તરફ ખાડીઓની હાલની વહન ક્ષમતા વધારવા માટે તાત્કાલિક ડીસિલ્ટિંગ અને ખાડીના પટ તથા આસપાસનાં દબાણો દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવશે. પૂર નિવારણના ડિટેલ પ્રોજેક્ટ રિપોર્ટ અંગે ચર્ચા માટે મેયર, કલેક્ટર અને મ્યુનિસિપલ કમિશનરની ઉપસ્થિતિમાં પૂરગ્રસ્ત વિસ્તારોના ધારાસભ્યો સાથે સંકલન બેઠક યોજાઇ હતી. આ બેઠકમાં ચોર્યાસીના ધારાસભ્ય સંદીપ દેસાઇ, કરંજના પ્રવીણ ઘોઘારી, ઉધનાના મનુ ફોગવા અને સુરત પૂર્વના અરવિંદ રાણા સહિતના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

ટેક્નિકલ કન્સલ્ટન્ટ દ્વારા પ્રેઝન્ટેશન રજૂ કરી હાલની સ્થિતિ, પાણીના પ્રવાહ અને સંભવિત ઉપાયો અંગે માહિતી આપવામાં આવી હતી. ધારાસભ્યોએ પણ સ્થાનિક સ્તરે પૂરની સમસ્યા અંગે સૂચનો આપ્યાં હતાં.

### પ્રેઝન્ટેશનના મુખ્ય મુદ્દા

» કન્સલ્ટન્ટ દ્વારા ખાડી પૂર નિવારણ અર્થે હાઈડ્રોલોજી મોડલ રન કરી શોર્ટ ટર્મ સોલ્યુશન સૂચવવામાં આવ્યું હતું, જેમાં મુખ્યત્વે મીઠી ખાડીના એમ-૪ મિલેનિયમ માર્કેટના ભાગે ખાડી પહોળી કરવા; મીઠી, ભેદવાડ અને વરાછા ખાડીઓમાં ડિસિલ્ટિંગ કરવું.

» ભેદવાડ ખાડીમાં ડિંડોલી પાસે 1.2 કિ.મી. લંબાઈમાં ખાડી પહોળી કરવા તથા કાંકરા ખાડીમાં ભીમરાડ-ન્યૂ બમરોલી બ્રિજથી ડાઉન સ્ટ્રીમના અંદાજે 5 કિ.મી. લંબાઈમાં ખાડી પહોળી કરાશે.

» મીઠી ખાડીમાં નેશનલ હાઈવેથી લઈને મીંઢોળા નદી સુધી બેથેમેટ્રી સરવેના આધારે ખાડી બ્રિજના નીચેના ભાગમાં આવેલા તમામ પ્રકારનાં નડતરરૂપ સ્ટ્રક્ચર દૂર કરાશે.

» ગભેણી ખાતે આવેલાં બિનઅધિકૃત તમામ ઝીંગા તળાવો આગામી ચોમાસા પહેલા દૂર કરવા સુરત સિંચાઈ વિભાગને સૂચના અપાઇ

» ઈન્ડસ્ટ્રિઝ દ્વારા ખાડીમાં નિકાલ કરવામાં આવતા ઘનકચરા સામે યોગ્ય કાર્યવાહી કરી પેનલ્ટી વસૂલવા સહિતનાં કડક પગલાં-સતત મોનિટરિંગ

### ખાડી પર RCC બોક્સિંગ નહીં થાય

સુરતમાં ખાડીઓને RCC બોક્સ બનાવીને કવર કરવાની ચર્ચા વચ્ચે કમિશનર બેનીવાલે સ્પષ્ટતા કરી હતી કે, હાલ તૈયાર કરવામાં આવેલા પ્રોજેક્ટમાં ખાડીઓને પેક કરવાની કોઈ જોગવાઈ નથી. ખાડીઓને બોક્સિંગ કરી દેવાથી ભવિષ્યમાં તેની અંદર જમા થતો કાદવ કાઢવા તથા સફાઈ-જાળવણી કરવામાં મુશ્કેલી ઊભી થઈ શકે છે.

# પુણામાં ચાલતા કૂટણખાના પર ક્રાઈમ બ્રાન્ચના દરોડા

**પોલીસે** બાજુના મકાનમાંથી થઈને પાછળના દરવાજેથી પ્રવેશ કર્યો

### ૮૦૦ રૂપિયામાંથી સંચાલકનું ૪૦૦ કમિશન

રેસ્ક્યૂ કરાયેલી મહિલાઓની પૂછપરછમાં બહાર આવ્યું હતું કે સંચાલક બિપીન નકુમ બહારથી મહિલાઓને બોલાવીને ભાડાના મકાનમાં રાખતો હતો. ગ્રાહક દીઠ રૂપિયા ૮૦૦ વસૂલવામાં આવતા હતા, જેમાંથી રૂપિયા ૪૦૦ મહિલાને આપી બાકીના રૂપિયા ૪૦૦ બિપીન પોતે કમિશન તરીકે રાખી લેતો હતો.

સુરત : પુણા સ્થિત માતૃશક્તિ સોસાયટીના બંધ મકાનમાં ચાલી રહેલા સેક્સ રેકેટનો AHTU ની ટીમે પર્દાફાશ કરીને મકાન સંચાલક અને એક ગ્રાહકની ધરપકડ કરી છે.

મળતી વિગતો અનુસાર, AHTU સેલના પોલીસ કર્મચારીઓને ચોક્કસ બાતમી મળી હતી કે પુણા, સીતાનગર પાસે આવેલી માતૃશક્તિ સોસાયટી વિભાગ-સી, ઘર નંબર C-187 ના મકાનમાં કેટલીક મહિલાઓ પાસે ગેરકાયદેસર દેહવ્યાપાર કરાવવામાં આવી રહ્યો છે. બાતમીના આધારે પોલીસે બે પંચોને સાથે રાખી દરોડો પાડ્યો હતો. મકાનનો આગળનો દરવાજો અંદરથી બંધ હોવાથી પોલીસે બાજુના મકાન નંબર ૧૮૬ માંથી થઈને પાછળના દરવાજેથી પ્રવેશ કર્યો હતો.

તપાસ દરમિયાન મકાનના પહેલા રૂમમાંથી એક મહિલા અને એક ઈસમ આપત્તિજનક હાલતમાં મળી આવ્યા હતા. પૂછપરછમાં ગ્રાહકે પોતાનું નામ રાજદિપભાઈ જીતેન્દ્રભાઈ વાડદોરીયા (ઉં.વ. ૩૨, રહે. શ્યામળા સોસાયટી, લસકાણા, મૂળ ધારી, અમરેલી) હોવાનું જણાવ્યું હતું. તેની પાસેથી રૂપિયા ૯૦,૦૦૦ ની કિંમતનો મોબાઈલ જપ્ત કરાયો હતો.

અંદરના બીજા રૂમમાંથી સેક્સ રેકેટ ચલાવતો મુખ્ય સંચાલક બિપીન ઉર્ફે રાજુ પીઠાભાઈ નકુમ (ઉં.વ. ૩૮, રહે. માતૃશક્તિ સોસાયટી, પુણા) તથા અન્ય બે મહિલાઓ મળી આવી હતી. આ મામલે AHTU ના પો.ઈન્સ. એમ.બી. શેરગિલની ફરિયાદના આધારે પુણા પોલીસ સ્ટેશનમાં સંચાલક બિપીન નકુમ અને ગ્રાહક રાજદિપ વાડદોરીયા વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે. દરોડા દરમિયાન મુક્ત કરાવેલી ત્રણેય મહિલાઓને આગળની પૂછપરછ અને કાર્યવાહી અર્થે પુણા પોલીસ મથકે સોંપવામાં આવી છે. કેસની વધુ તપાસ પુણા પી.આઈ. સી.બી. ચૌધરી ચલાવી રહ્યા છે. પોલીસે દરોડા દરમિયાન ઘટનાસ્થળેથી રૂપિયા ૩,૦૦૦ રોકડા, ૩ કિંમતી મોબાઈલ ફોન (કિંમત રૂપિયા ૧,૦૩,૦૦૦), ફોન-પે ક્યુઆર કોડ સ્કેનર, તથા વાંધાજનક સામગ્રી મળી કુલ રૂપિયા ૧,૦૬,૦૦૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

# નવા નિયમથી NRI પાસેથી મિલકત ખરીદવી મુશ્કેલ બનશે

**TDSના** નવા નિયમો જાહેર

સુરતઃ કેન્દ્ર સરકાર દ્વારા ઈન્કમટેક્સના નિયમોમાં મોટો ફેરફાર કરવામાં આવ્યો છે.નવા નિયમો મુજબ જ્યારે કોઈ ભારતીય નાગરિક કે HUF કોઈ NRI પાસેથી જમીન, મકાન કે ફ્લેટ ખરીદે છે ત્યારે કલમ 393(2) હેઠળ TDS કાપવાની પ્રક્રિયાને વધુ સુવ્યવસ્થિત કરવામાં આવી છે.

આ માટે ચલણ-કમ-સ્ટેટમેન્ટ ગણાતા ફોર્મ નંબર 141 માં નવી અનુસૂચિ-ઈ ઉમેરવામાં આવી છે. જેમાં મિલકતનું સંપૂર્ણ સરનામું, મિલકતનો પ્રકાર, તમામ ખરીદદારો અને વેચનારની સંપૂર્ણ વિગતો ભરવી ફરજિયાત રહેશે. આ ઉપરાંત ફોર્મ 132 માં પણ જરૂરી સુધારા કરવામાં આવ્યા છે.

સૌથી મહત્વનો ફેરફાર એ છે કે જો NRI વેચનાર પાસે PAN કાર્ડ ન હોય તો પણ તેને છૂટ મળશે નહીં. આવા કિસ્સામાં વેચનારનું વિદેશમાં રહેઠાણનું સરનામું, વિદેશનો મોબાઈલ નંબર અને ઈમેલ આઈડી આપવા ફરજિયાત રહેશે. જો વધુ દરે TDS કપાવાથી બચવું હશે તો સંબંધિત દેશનું ટેક્સ રેસિડેન્સી સર્ટિફિકેટ અને ટેક્સ આઈડેન્ટિફિકેશન નંબર પણ રજૂ કરવો પડશે.

## અનુસંધાન ... પાના પહેલાનું

### CECના નિર્ણયો સામે...

બંને કમિશનરોનો મુખ્ય આક્ષેપ એ છે કે મુખ્ય ચૂંટણી કમિશનર (સીઈસી) જ્ઞાનેશ કુમારની આગેવાની હેઠળ તેમની જાણ કે મંજૂરી વિના જ અત્યંત સંવેદનશીલ નિર્ણયો લેવામાં આવ્યા હતા. આ સમગ્ર વિવાદ પંચ દ્વારા જૂન 2025થી શરૂ કરવામાં આવેલી દેશવ્યાપી સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) પ્રક્રિયા સાથે જોડાયેલો છે. આ પ્રક્રિયા દરમિયાન 30 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની ડ્રાફ્ટ મતદાર યાદીમાંથી 13 કરોડથી વધુ નામો હટાવવામાં આવ્યા છે.

### ચૂંટણી પંચમાં પહેલાં...

કરાવી દીધી છે.

**- 2009 (ગોપાલસ્વામી વિરુદ્ધ ચાવલા):** તત્કાલીન મુખ્ય ચૂંટણી કમિશનર એન. ગોપાલસ્વામીએ સાથી કમિશનર સ્વ. નવીન ચાવલા પર પક્ષપાતી વર્તનનો આક્ષેપ મૂકીને તેમને પદ પરથી હટાવવાની ભલામણ કરી હતી. જોકે, સરકારે આ ભલામણ ફગાવી દીધી હતી અને બાદમાં નવીન ચાવલા જ દેશના સીઈસી બન્યા હતા.

**- 1993-1995 (ટી. એન. શેષનનો કાનૂની જંગ):** તત્કાલીન સીઈસી સ્વ. ટી. એન. શેષને ચૂંટણી પંચને બહુ-સભાસદિય સંસ્થા બનાવવાના નિર્ણયને કોર્ટમાં પડકાર્યો હતો. આ મુદ્દે સાથી કમિશનરો એમ. એસ. ગિલ અને જી. વી. જી. કૃષ્ણમૂર્તિ સાથે તેમનો મોટો કાનૂની વિવાદ થયો હતો.

**2019 (અશોક લવાસાના ડિસેન્ટ નોટ્સ):** લોકસભા ચૂંટણી દરમિયાન આચારસંહિતા ભંગની ફરિયાદોમાં ભાજપના શિર્ષ નેતાઓને અપાયેલી ક્લીન ચિટ સામે તત્કાલીન કમિશનર અશોક લવાસાએ અસહમતિ દર્શાવી હતી. આ અસહમતીને આદેશમાં સામેલ કરવાની તેમની માંગને પંચે ફગાવી દેતાં લવાસાએ બાદમાં રાજીનામું આપી દીધું હતું.

**2021 (કોવિડ રિસ્પોન્સ અને એફિડેવિટ):** કોરોનાની બીજી લહેર માટે હાઈકોર્ટે પંચને જવાબદાર ઠેરવતા તત્કાલીન કમિશનર રાજીવ કુમાર અલગ એફિડેવિટ કરવા માગતા હતા, જેનો સીઈસી સુશીલ ચંદ્રાએ વિરોધ કર્યો હતો.

### ચૂંટણી સુધારાઓ...

જણાવ્યું છે કે કોઈ પણ બંધારણીય સંસ્થામાં અલગ-અલગ મતો અને અવલોકનો હોવા એ ચર્ચા તથા નિર્ણય લેવાની પ્રક્રિયાનો એક અત્યંત સામાન્ય ભાગ છે. પંચ દ્વારા જારી કરાયેલા તમામ અધિકૃત આદેશો સંપૂર્ણ કાયદાકીય માન્યતા ધરાવે છે અને તે કાયદાકીય જોગવાઈઓ મુજબ જ લેવામાં આવ્યા છે. ચૂંટણી પંચે એક નિવેદન બહાર પાડીને જણાવ્યું છે કે માત્ર ત્રણ કમિશનરો જ નહીં, પરંતુ પંચના દરેક અધિકારીને ચૂંટણી પ્રણાલીમાં સુધારા માટે પોતાના સૂચનો આપવાનો પૂરો અધિકાર છે.

### મુખ્ય ચૂંટણી કમિશનરને...

આરએસએસ અને ચૂંટણી પંચે 'વોટ ચોરી' કરીને દેશદ્રોહનું કૃત્ય કર્યું છે અને આ મામલે યોગ્ય ન્યાય કરવામાં આવશે. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે અને પ્રિયંકા ગાંધી વાડ્રાએ પણ સવાલો ઉઠાવ્યા હતા, તૃણમૂલ કોંગ્રેસના વડા મમતા બેનર્જીએ મુખ્ય ચૂંટણી કમિશનર સામે મહાભિયોગ ચલાવવાની અને જૂની મતદાર યાદીના આધારે પશ્ચિમ બંગાળમાં ફરીથી વિધાનસભા ચૂંટણી યોજવાની માગ કરી હતી. આ ઉપરાંત, અરવિંદ કેજરીવાલ, એમ. કે. સ્ટાલિન, ઉદ્ધવ ઠાકરે, અખિલેશ યાદવ અને કપિલ સિબલ જેવા દિગ્ગજ નેતાઓએ જ્ઞાનેશ કુમારના તુરંત રાજીનામા, બરતરફી અને તેમની સામે એફઆઈઆર દાખલ કરીને ધરપકડ કરવાની માગ કરી છે. બીજી તરફ, શાસક પક્ષ ભાજપે વિપક્ષના તમામ આક્ષેપોને ફગાવી દીધા છે.

### શી જિનપિંગ વોશિંગ્ટન...

નિહાળશે. રિપબ્લિકન સેનેટર રોઝર વિકરે આ સ્વાગતનો વિરોધ કરતા જિનપિંગને તાનાશાહ ગણાવ્યા અને લશ્કરી વિસ્તરણ તથા ઈરાનને સહયોગ જેવા મુદ્દા ઉઠાવવા માગ કરી. સ્ટેટ ડિનર પહેલાં બંને દેશના શિખર નેતાઓ બંધ બારણે ગંભીર રાજકીય વિવાદો પર ચર્ચા કરશે.

### SIR અંગે બે...

સોફ્ટવેર દ્વારા ક્ષેત્રીય અધિકારીઓના નિર્ણયોને ઓવરરાઈડ કરવાના પ્રયાસો સામે પણ સવાલો ઉઠાવ્યા હતા. તેમણે એ પણ પૂછ્યું કે આ બંને કમિશનરો 10 મહિના સુધી બંધારણીય સંસ્થામાં હોવા છતાં શા માટે શાંત રહ્યા? બીજી તરફ, પૂર્વ સીઈસી એસ.વાય. કુરેશીએ આક્ષેપ કર્યો હતો કે જો સમગ્ર સુધારણા પ્રક્રિયા જ ગેરકાયદેસર હોય, તો તેના આધારે ચૂંટણીઓ યોજી શકાય નહીં.

### CECની નિમણૂકના...

કારણે આ મામલે હવે યોગ્ય અને મોટી બેંચની રચના કરવા માટે ચીફ જસ્ટિસ સૂર્યકાંત સમક્ષ ફાઈલ મૂકવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. બેંચે ચીફ જસ્ટિસ ને વિનંતી કરી છે કે મૂળભૂત બંધારણીય અને મહત્ત્વના મુદ્દાઓનો ઝડપી ઉકેલ લાવવા માટે 5 જજની એક કાયમી બંધારણીય બેંચ બનાવવાની શક્યતાઓ તપાસવામાં આવે. આ મુદ્દે ગંભીર અવલોકનો રજૂ કરતા જસ્ટિસ દત્તાએ ભારપૂર્વક કહ્યું હતું કે મુક્ત અને નિષ્પક્ષ ચૂંટણીઓ સુનિશ્ચિત કરવા માટે ચૂંટણી પંચ માત્ર સ્વતંત્ર હોવું પૂરતું નથી, પરંતુ તે સ્વતંત્ર રીતે કામ કરતું દેખાવું પણ અત્યંત જરૂરી છે.

### ટ્રમ્પની નાશ કરવાની...

ડોનાલ્ડ ટ્રમ્પને સીધો પડકાર ફેંકતા ઈરાની રાષ્ટ્રપતિએ જણાવ્યું કે અમેરિકાએ સમજવું જોઈએ કે ઈરાન બળપ્રયોગ કે દબાણ સહન કર્યા વિના રાજદ્વારી વાટાઘાટો માટે તૈયાર છે. આ દરમિયાન અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પના મુખ્ય દૂતો સ્ટીવ વિટકોફ અને જેરેડ કુશ્નરે ન્યૂ યોર્કમાં ઈરાની પ્રતિનિધિઓ સાથે કતરના મધ્યસ્થો મારફતે લગભગ 3 કલાક અપ્રત્યક્ષ ચર્ચા કરી હતી. જોકે ઈરાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઈસ્માઈલ બઘાઈએ આ બેઠકને સામાન્ય ગણાવી બંદરો પરથી નાકેબંધી હટાવવા અને ફ્રીઝ કરાયેલી સંપત્તિ મુક્ત કરવા માગ કરી હતી.

### હડતાળના પગલે...

યુએફબીયુ અઠવાડિયામાં 5 દિવસનું બેંકિંગ (ફાઈવ-ડે બેંકિંગ), પેન્શનમાં સુધારો અને અપડેશન, તમામ પેન્શનરો માટે એકસમાન મોંઘવારી ભથ્થું તથા નેશનલ પેન્શન સિસ્ટમ (એનપીએસ) હેઠળ આવરી લેવાયેલા કર્મચારીઓને જૂની પેન્શન યોજના (ઓપીએસ)માં પાછા જવાનો વિકલ્પ આપવા જેવી વિવિધ માગણીઓને લઈને 28થી 30 સપ્ટેમ્બર દરમિયાન હડતાળ પર જઈ રહ્યું છે. નોંધનીય છે કે 26 અને 27 સપ્ટેમ્બરે અઠવાડિયાના અંતની શનિ-રવિની રજાઓ છે અને ત્યારબાદ આ હડતાળ યોજાનાર છે.

### કેન્દ્રીય કર્મચારીઓ...

પગાર અને પેન્શન 25 સપ્ટેમ્બરે જ એડવાન્સમાં ચૂકવી દેવાની સલાહ આપી છે. નાણા મંત્રાલયના કંટ્રોલર જનરલ ઓફ એકાઉન્ટ્સ દ્વારા જાહેર કરાયેલા આદેશ મુજબ, સંરક્ષણ, ટપાલ અને ટેલિકોમ્યુનિકેશન સહિતના તમામ કેન્દ્રીય વિભાગો તથા ઔદ્યોગિક કર્મચારીઓને 25 સપ્ટેમ્બરે વેતન ચૂકવાશે.

### ઓમાન નજીક 'એમવી...

સુરક્ષા અંગે ઓમાનના સત્તાવાળાઓ સાથે સંકલન સાધી રહ્યું છે. મસ્કત ખાતેના ભારતીય દૂતાવાસે એક્સ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, "આ હુમલામાં એક ભારતીય નાગરિકના મોતથી અમને ઊંડું દુઃખ થયું છે.

### ગરમીથી ભારતમાં...

સુધી ચાલુ રહેવાની શક્યતા છે. આના પરિણામે ચાલુ વર્ષના સપ્ટેમ્બરથી ફેબ્રુઆરી 2027 વચ્ચે વિશ્વભરમાં ગરમીને કારણે આશરે 2.39 લાખ વધારાના મોત થવાની આશંકા છે. અહેવાલ મુજબ આફ્રિકાના સાહેલ ક્ષેત્રમાં 66,800, નાઈજીરિયામાં 31,400, સુદાનમાં 17,500, દક્ષિણ-પૂર્વ એશિયામાં 19,400 અને બ્રાઝિલમાં 13,300 વધારાનાં મોત થઈ શકે છે.

### દિલ્હી ડાયરી...

(આઈબી)ના ભૂતપૂર્વ અધિકારી હતા અને વડા પ્રધાન ઇન્દિરા ગાંધીએ તેમને ભારતની પ્રથમ સમર્પિત બાહ્ય ગુપ્તચર એજન્સી બનાવવાનું કામ સોંપ્યું હતું. આર એન્ડ એ વિંગના ભૂતપૂર્વ એડિશનલ સચિવ બી. રમણના પુસ્તક 'કાઓબ્સ ઓફ રો' મુજબ, તેની રચનાના પ્રથમ કેટલાક મહિનાઓમાં કાઓએ અધિકારીઓને બે પ્રાથમિકતાવાળા કાર્યો આપ્યા હતાઃ પાકિસ્તાન અને ચીન વિશે ગુપ્તચર માહિતી એકત્ર કરવાની ક્ષમતાને મજબૂત કરવી અને પૂર્વ પાકિસ્તાનમાં ગુપ્ત કાર્યવાહી કરવી.

**ભાજપના નેતાઓની ભૂતકાળની યાદો**

ભાજપના ઉત્તર-પૂર્વ દિલ્હીના લોકસભા સભ્ય મનોજ તિવારીએ તાજેતરમાં નવી દિલ્હીમાં તેમના સત્તાવાર નિવાસસ્થાને બિહારમાંથી પાર્ટીના રાજ્યસભાના સાંસદ શિવેશ કુમાર સાથે એક અનૌપચારિક મુલાકાત દરમિયાન ભૂતકાળની યાદો તાજી કરી હતી. બંને નેતાઓ પૂર્વાંચલ ક્ષેત્રના છે. શિવેશ કુમાર, જેમની તાજેતરમાં ભાજપના અનુસૂચિત જાતિ મોર્ચાના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે નિમણૂક કરવામાં આવી છે, તેમનું સન્માન કરતી વખતે તિવારીએ એ વાત પર ભાર મૂક્યો હતો કે, કુમારનો પરિવાર ભાજપમાં મજબૂત રીતે વણાયેલો છે અને પીઢીઓથી પાર્ટી સાથે જોડાયેલો છે. તિવારીએ જણાવ્યું કે, તેઓ એવા ગામમાંથી આવે છે જેનું પ્રતિનિધિત્વ વર્ષોથી કુમારના પરિવાર દ્વારા કરવામાં આવ્યું છે.

## અનુસંધાન ... પાના છેલ્લાનું

### સુરતમાં 108...

બીમારી સહિતના અઢળક કેસ નોંધાયા છે. છેલ્લા 6 માસનો આંકડો ચોંકાવનારો છે. એપ્રિલમાં 12,043 કેસની સરખામણીએ ઓગસ્ટમાં કેસનો આંકડો નોંધપાત્ર રીતે વધ્યો છે. 108 ઇમરજન્સી સેવા જિલ્લાના પ્રોજેક્ટ મેનેજર અભિષેક ઠાકરના જણાવ્યા પ્રમાણે, એપ્રિલમાં 12,043, મેમાં 12,720, જૂનમાં 12,859, જુલાઈમાં 15,020 અને ઓગસ્ટમાં સૌથી વધુ 16,928 કેસ નોંધાયા હતા. જ્યારે સપ્ટેમ્બર માસમાં 1થી 22 સપ્ટેમ્બર દરમિયાન જ 12,858 કેસ નોંધાઈ ચૂક્યા છે.

### આગ અને...

**અપીલ કરવામાં આવી છે કે આગ કે અકસ્માતની કોઈપણ ઘટના સમયે હવે 101ના બદલે માત્ર 112 નંબર ડાયલ કરવો અને આ ફેરફાર અંગે પોતાના પરિવાર તથા આસપાસના લોકોને પણ જાગૃત કરવા અપીલ કરાઈ છે.**

### આયોજકે નાણાં...

અગાઉ પેમેન્ટની ઉઘરાણી બાબતે કોન્ટ્રાક્ટર અને આયોજકો વચ્ચે બોલાચાલી થઈ હોવાનો દાવો સામે આવ્યો છે. કોન્ટ્રાક્ટરના આક્ષેપ મુજબ પ્રિયાંક, ચંદન, પૂજાબેન સહિતના આશરે 10 જેટલા સભ્યો દ્વારા તેમની સાથે ગાળાગાળી કરી બાકી રકમ નહીં ચૂકવવાની ધમકી આપવામાં આવી હતી. વધુમાં, તેમની સાથે ઝપાઝપી થતાં નાકના ભાગે ઈજા પહોંચી હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે. જોકે, આ તમામ આક્ષેપોની સત્તાવાર પુષ્ટિ થવાની બાકી છે.ગણેશ વિસર્જનને હવે ગણતરીના બે દિવસ બાકી રહ્યા છે ત્યારે આજે વહેલી સવારે કોન્ટ્રાક્ટર અને તેમના કારીગરો પંડાલ ખાતે પહોંચ્યા હતા અને પોતાનો સર-સામાન હટાવવાની કામગીરી શરૂ કરી હતી. જેના પગલે આયોજકો અને કારીગરો વચ્ચે ફરીથી વિવાદ સર્જાયો હતો. ઘટનાની જાણ થતાં પોલીસ સ્થળ પર પહોંચી હતી અને પરિસ્થિતિ થાળે પાડવાનો પ્રયાસ કર્યો હતો.